Seat No. : _______________

# JE-102

**January-2016**

**B.A., Sem.-VI**

**CC-314(EA) : Gujarati**

**(કૃતિ – આપણાં ખંડકાવ્યો)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના : બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

1. ખંડકાવ્યની વ્યાખ્યા આપી, ખંડકાવ્યનું સ્વરૂપ વિગતે લખો.

**અથવા**

ગુજરાતીમાં ખંડકાવ્યનો ઉદ્‌ભવ કઈ રીતે થયો તે જણાવી, ગુજરાતી ખંડકાવ્યની વિકાસરેખા સવિસ્તારથી લખો.

2. 'આપણાં ખંડકાવ્ય' – પુસ્તકની ખંડકાવ્યના લક્ષણોને આધારે સમીક્ષા કરો.

**અથવા**

'વસંતવિજય' અને 'દશરથનો અંતકાળ' એ બંને ખંડકાવ્યની વિગતે સમીક્ષા કરો.

3. કોઈપણ **બે** ટૂંકનોંધ લખો :

(1) 'અતિજ્ઞાન'માં સહદેવની કરુણ અવસ્થા

(2) 'વસંતવિજય'નું છંદોવિધાન

(3) 'બિલ્વમંગળ' – ખંડકાવ્ય તરીકે

(4) 'વિશ્વશાંતિ'માં કવિનું ચિંતન

4. (A) કોઈપણ **એક** વિચાર વિસ્તાર કરો :

(1) મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,
નાનાઓની મોટાઈ જોઈ જીવું છું.

(2) ગમતું મળે અલ્યા ગુંજે ન ભરીએ,
ગમતાનો કરીએ ગુલાલ.

(B) કોઈપણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો :

(1) નાની-નાની વાતોમાં પોતાની વાતનો આગ્રહ ન રાખવો. હા, જ્યાં ન્યાય કે સત્યની વિરુદ્ધ કાંઈ થતું હોય તો તેનો જરૂર વિરોધ કરવો. બાકી, સામાન્ય વાતોમાં આપણો આગ્રહ ન રાખવો. જે માણસ વારંવાર પૈસા ખર્ચ્યા કરે છે, તેની બધી પૂંજી ઝટ ખલાસ થઈ જાય છે. તો આગ્રહશક્તિ પણ માણસની પૂંજી છે, તેને નાની-નાની બાબતોમાં ખરચી નાખવાની નથી. તેને તો મોટા કામ માટે, ક્યારેક જરૂર પડે તે માટે સાચવી રાખવાની છે. સામાજિક ક્ષેત્રે કામ કરનારાઓએ આ વૃત્તિ ખાસ કેળવવી પડે.

(2) જગત સાથેનો આપણો સંવાદ તૂટ્યો છે. શહેર પાસે થઈને જ નદી વહી જાય છે, પણ એના વહેવાનો લય આપણને સંભળાતો નથી. સમુદ્રના ભરતી-ઓટથી અણજાણ આપણે, સમુદ્રની પાસે રહીને જીવ્યે જઈએ છીએ. વૃક્ષોનો પર્ણમર્મર કે પંખીઓનો કલરવ, કાચીંડાનું ચુપકીદીથી સરકવું, નોળિયાનું એક વાડમાંથી બીજી વાડમાં સંતાઈ જવું – આ બધાંથી અણજાણ, પ્રકૃતિ વચ્ચે છતાં પ્રકૃતિમાંથી જ હદપાર થયા હોઈએ, એમ, આપણે જીવીએ છીએ.

5. (A) જોડકાં જોડો :

| A | | B | |
|---|---|---|---|
| (1) | ચક્રવાક મિથુન | (a) | કલાપી |
| (2) | ગ્રામ્યમાતા | (b) | નરસિંહરાવ દિવેટિયા |
| (3) | દશરથનો અંતકાળ | (c) | કાન્ત |
| (4) | ઉત્તરા અને અભિમન્યુ | (d) | ગણપતલાલ ભાવસાર |
| (5) | ચિત્રવિલોપન | (e) | ઉમાશંકર જોશી |
| (6) | અશ્વત્થામા | (f) | મનસુખલાલ ઝવેરી |
| (7) | વિશ્વશાંતિ | (g) | ઝવેરચંદ મેઘાણી |
| | | (h) | કૃષ્ણલાલ શ્રીધરાણી |

(B) ખાલી જગ્યા પૂરો.

(1) ગુજરાતી ખંડકાવ્યની શરૂઆત _______ યુગથી થઈ.
(સુધારક, સાક્ષર, ગાંધી)

(2) પાંડુ અને માદ્રીની કથા ________ ખંડકાવ્યમાં આલેખાય છે.
(અતિજ્ઞાન, વસંતવિજય, ચક્રવાક મિથુન)

(3) ગુજરાતી ભાષામાં સૌપ્રથમ ખંડકાવ્ય ________ કવિએ લખ્યું.
(નર્મદ, બ.ક. ઠાકોર, કાન્ત)

(4) ખંડકાવ્યને ‘કથનોર્મિકાવ્ય’ તરીકે _______ એ ઓળખાવ્યું છે.
(સુન્દરમ્, ઉમાશંકર જોશી, ચિનુ મોદી)

(5) ‘એભલવાળો’ ખંડકાવ્યના કવિ ________ છે.
(કલાપી, મનસુખલાલ ઝવેરી, કવિ બોટાદકર)

(6) ‘ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભશૂન્ય ભાસે’ – આ પંક્તિ ________ ખંડકાવ્યની છે.
(ગ્રામ્યમાતા, વસંતવિજય, અતિજ્ઞાન)

(7) ખંડકાવ્યના સ્વરૂપને _______ સ્વરૂપ સાથે નજીકનો સંબંધ હોય છે.
(નિબંધ, નાટક, ટૂંકીવાર્તા)

___________

Seat No. : _______________

# JE-102

**January-2016**

**B.A., Sem.-VI**

**CC-314(EB) : Gujarati**

**(કૃતિ – ફાર્બસવિરહ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના : બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

1. કરુણપ્રશસ્તિ કાવ્ય સ્વરૂપના વ્યાવર્તક લક્ષણો જણાવી, ગુજરાતી સાહિત્યના મહત્ત્વના કરુણપ્રશસ્તિ કાવ્યોનો પરિચય આપો. **14**

**અથવા**

કરુણપ્રશસ્તિ કાવ્ય તરીકે 'ફાર્બસવિરહ'ને મૂલવો.

2. 'ફાર્બસવિરહ'ને આધારે દલપતરામના કવિત્વની ચર્ચા કરો. **14**

**અથવા**

'ફાર્બસવિરહ'માં દલપતરામે રજૂ કરેલ ફાર્બસ સાહેબનું વ્યક્તિત્વ આલેખો.

3. કોઈ **બે** ટૂંકનોંધ લખો : **14**

(1) ફાર્બસ : જીવન અને કાર્ય

(2) દલપતરામ – ફાર્બસનો મિત્રપ્રેમ

(3) 'ફાર્બસવિરહ'માં આલેખાયેલું દલપતરામનું ચિંતન

(4) 'ફાર્બસવિરહ'ની ભાષાશૈલી

4. (A) વિચાર વિસ્તાર કરો : (કોઈ **એક**) **14**

(1) 'સૂકાં પર્ણો વન ગજવતાં
શાંત લીલાં સદા યે.'

(2) 'લાગ્યા ઘા ને વીસરી શકવા
કાંઈ સામર્થ્ય ના છે.'

(B) નીચેના ગદ્યખંડનો વિસ્તાર કરો : (કોઈ **એક**)

(1) તમે ગમે તે કામ કરતા હો, ગમે ત્યાં કરતા હો – ખેતરમાં, કારખાનામાં, નિશાળમાં, ઓફિસમાં, દુકાનમાં – તમારું દૈનિક જીવન તમારું મંદિર છે. તમે પોતે એના પૂજારી છો અને અર્પણ પણ તમે પોતે જ છો. તમે પવિત્ર સ્તુતિ છો અને યજ્ઞનો અગ્નિ પણ તમે જ છો.

(2) મનુષ્યનો આત્મા કેવી અજબ ચીજ છે ! સંખ્યાતીત પરાજયો વેઠ્યા છતાં આદર્શને ખાતર, સત્યને ખાતર, શ્રદ્ધાને ખાતર, દેશને ખાતર તથા ઈજ્જતને ખાતર માણસ યુગયુગાન્તરોથી પોતાના જીવનનું, તથા જેને પોતે પ્યારામાં પ્યારું લેખતો હોય તે બધાંનું બલિદાન આપતો આવ્યો છે. એ આદર્શ ભલે બદલાય, પણ આત્મબલિદાનની માણસની એ તાકાત કાયમ રહી છે. ભારે આપત્તિની પળે પણ તેણે પોતાનું ગૌરવ છોડ્યું નથી કે નથી પોતે સેવેલા આદર્શો પરથી શ્રદ્ધા તેણે ગુમાવી. માણસમાં ખરે જ દેવનો કંઈક અંશ છે. – અને સાથે-સાથે જ તેનામાં શેતાનનો પણ અંશ છે.

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **14**

(1) આનંદશંકર ધ્રુવે 'કરુણપ્રશસ્તિ'ની કઈ વ્યાખ્યા આપી છે ?

(2) કયા પેટાશીર્ષકથી 'ફાર્બસવિરહ'ની શરૂઆત થાય છે ?

(3) દલપતરામનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

(4) દલપતરામનું સૌપ્રથમ હાસ્ય નાટક કયું ?
(અ) લક્ષ્મી (બ) મિથ્યાભિમાન (ક) શહીદ (ડ) વડલો

(5) કરુણપ્રશસ્તિ કયા કાવ્ય સ્વરૂપનો પેટા પ્રકાર છે ?

(6) દલપતરામ કયા યુગના કવિ ગણાય છે ?
(અ) ગાંધી યુગ (બ) આધુનિક યુગ (ક) સુધારક યુગ

(7) ફાર્બસ સાહેબનું પૂરું નામ શું હતું ?

(8) મિત્રવિરહનું દુ:ખ કયા-કયા દુ:ખ કરતાં મોટું છે ?

(9) દલપતરામ અને ફાર્બસની મિત્રતા કઈ રીતે થઈ ?

(10) ફાર્બસ સાહેબનું જન્મસ્થળ કયું હતું ?
(અ) અમદાવાદ (બ) સુરત (ક) ઈંગ્લેન્ડ (ડ) આમાંથી કોઈ નહિં

(11) ગુજરાતી સાહિત્યના બીજાં બે કરુણપ્રશસ્તિ કાવ્યો જણાવો.

(12) 'ફાર્બસવિરહ'માં પ્રયોજાયેલ કોઈ બે છંદના નામ આપો.

(13) કવિતા સિવાય દલપતરામે સાહિત્યના બીજા કયા સ્વરૂપોમાં લખાણ કર્યું છે ?

(14) નીચેનામાંથી કઈ કૃતિ દલપતરામની છે ?
(અ) મિથ્યાભિમાન (બ) વીણાનો મૃગ (ક) મારી હકીકત